**ચાલુ બાબત, વર્ષ ૨૦૨૬-૨૭**

એજીઆર-૫૦, ખેતીના ભારે સાધનો (ટ્રેક્ટર ઘટક) ની ખરીદી માટે ખેડૂતોને નાણાકીય સહાય આપવાની યોજનાને વહીવટી મંજૂરી આપવા બાબત

**ગુજરાત સરકાર,**

**કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,**

**ઠરાવ ક્રમાંકઃ ACD/KAS/e-file/2/2026/1235/K5**

**સચિવાલય, ગાંધીનગર.**

**તા.૧૧/૦૫/૨૦૨૬**

**વંચાણે લીધા :-**

(૧) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનો ઠરાવ ક્રમાંક: ACD/KPS/e-file/2/2024/3589/K5, તા:૨૩/૦૪/૨૦૨૫

(૨) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનો ઠરાવ ક્રમાંક: ACD/MIS/e-file/2/2025/0262/K5, તા:૨૩/૦૪/૨૦૨૫

(૩) ખેતી નિયામકની કચેરીનો પત્ર ક્રમાંક: એલડબલ્યુઇ/ટી-૧/એજીઆર-૫૦/વ.મં./૧૫૪૦-૪૧/૨૦૨૬, તા.૧૬/૦૩/૨૦૨૬

(૪) ખેતી નિયામકની કચેરીનો પત્ર ક્રમાંક: એલડબલ્યુઇ/ઠરાવ દરખાસ્ત/૨૦૨૬-૨૭/૨૦૯૯-૨૧૦૦/૨૦૨૬, તા.૨૭/૦૩/૨૦૨૬

**પ્રસ્તાવના:-**

વંચાણે લીધા ક્રમાંક (૧) થી (૨) પરના ઠરાવોથી વર્ષ ૨૦૨૫-૨૬માં એજીઆર-૫૦, ખેતીના ભારે સાધનો(ટ્રેક્ટર ઘટક)ની ખરીદી માટે ખેડૂતોને નાણાકીય સહાય આપવા માટેની યોજનાને વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. પ્રસ્તુત યોજનાને વર્ષ ૨૦૨૬-૨૭ માં ચાલુ બાબત તરીકે રૂ.૭૫૦.૦૦ કરોડની બજેટ જોગવાઇને વહીવટી મંજુરી આપવા અંગે ખેતી નિયામકની કચેરીના વંચાણે લીધેલ પત્ર ક્રમાંક (૩) અને (૪) પરથી કરેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે, વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન એજીઆર-૫૦, ખેતીના ભારે સાધનો(ટ્રેક્ટર ઘટક)ની ખરીદી માટે ખેડૂતોને નાણાકીય સહાય આપવાની ચાલુ યોજના માટે મંજૂર થયેલ બજેટ જોગવાઇ **રૂ.૭૫૦.૦૦ કરોડ** (અંકે રૂપિયા સાતસો પચાસ કરોડ પુરા)નો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવાનું નીચેની શરતોને આધીન આથી ઠરાવવામાં આવે છે.

(૧) પ્રસ્તુત યોજના અંગેનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૬ પછી કરવાનો રહેશે. નાણા વિભાગ દ્વારા આપવામાં આવેલ વહીવટી મંજૂરીની શરતોમાં નાણા વિભાગની પૂર્વ મંજૂરી સિવાય કોઇ ફેરફાર કરી શકાશે નહીં અન્યથા તેની સંપૂર્ણ જવાબદારી ખાતાના વડાની રહેશે.

(૨) આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી વિભાગે રાખવાની રહેશે.

(૩) પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

(૪) ઓનલાઇન અરજીનું કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

(૫) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં GeM મારફતે ખરીદીની જોગવાઇ કરવાની રહેશે.

(૬) ખાતાના વડાએ નાણાકિય સહાય માટે નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી /DBT Portal /C.M Dash Board અપનાવવાનું રહેશે.

(૭) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૮) Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૯) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૦) જો કોઇ કેંદ્રિય સહાયિત યોજના હેઠળ સાધનોની ખરીદી કરવાની હોય તો યોજનાની સહાય મળેથી જ ખરીદી કરવાની રહેશે.

(૧૧) કેન્દ્ર સહાયિત યોજનામાં યોજનાની સહાય કેન્દ્ર સરકાર પાસેથી મળેથી તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.

(૧૨) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૩) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

**(૧૪)** આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

**(૧૫)** સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

**(૧૬)** આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા (રૂ.૭૫૦.૦૦/-કરોડ) માં જ ભૌતિક લક્ષ્યાંક નક્કી કરવાની તકેદારી રાખવાની રહેશે.

**(૧૭)** આ યોજનાનો અમલ સંબધીત જિલ્લાના સંયુક્ત ખેતી નિયામક (વિસ્તરણ) મારફતે કરવાનો રહેશે.

**(૧૮)** સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે, પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સાધન/કીટની ગુણવતા સુનિશ્ચિત કરવાની રહેશે.

**(૧૯)** નાણાકીય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી જ આપવાની રહેશે.

**(૨૦)** આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.

**(૨૧)** C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

**(૨૨)** યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

**(૨૩)** પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

**(૨૪)** આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

**(૨૫)** યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

**(૨૬)** પ્રસ્તુત યોજના હેઠળ અનુસૂચિત જાતિ/જનજાતિને પણ પ્રમાણસર લાભ મળે તેવું આયોજન કરવાનું રહેશે.

**(૨૭)** The Right of Person with Disabilities Act, 2016 ની Section 24 અને Section-37ની જોગવાઇઓ અનુસાર સદર યોજનામાં દિવ્યાંગ (માન્ય પ્રમાણપત્ર ધરાવતા) ને ૫% ની મર્યાદામાં અને તેમાં પણ દિવ્યાંગ મહિલાને યોગ્ય પ્રાધાન્યતા સાથે અનામતનો લાભ આપવાનો રહેશે. કોઇપણ કારણોસર જો દિવ્યાંગ લાભાર્થીઓ પૂરતા પ્રમાણમાં ન મળે તો યોજનાની શરતો પરિપૂર્ણ કરતા અન્ય લાભાર્થીઓને લાભ આપવાનો રહેશે.

ઉપર મુજબની શરતો તેમજ બિડાણમાં સામેલ પરિશિષ્ટ (૧) થી (૩) માં જણાવેલ સામાન્ય શરતો અને બોલીઓ, સહાયના ધોરણો, અરજી કરવાની રીત/અરજી માટેનું ફોર્મેટ, અમલીકરણ પદ્ધતિ, વ્યક્તિગત લાભાર્થીલક્ષી સહાયના ઘટકો માટે અમલીકરણની કાર્યપદ્ધતિ તેમજ વ્યક્તિગત લાભાર્થી સિવાયના સહાયના ઘટકો માટે અમલીકરણની કાર્યપદ્ધતિનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

**આ અંગેનું ખર્ચ નીચેના બજેટ સદરે ઉધારવાનો રહેશે.**

માગણી નં. : **૦૨**

મુખ્ય સદર : **૨૪૦૧**–પાક કૃષિ વ્યવસ્થા

ગૌણ સદર : **૧૧૩**

પેટા સદર : **૦૭**– એજીઆર–૫૦ ખેડુતોને ટ્રેક્ટર ખરીદવા સહાય

વિગતવાર સદર : **૩૫૬૫**–અન્યને મુડીકૃત સાધન ઉભું કરવા સહાયક અનુદાન

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઇ–સરકાર ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૦૪/૦૫/૨૦૨૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ભાવેશ પ્રજાપતિ)

સેક્શન અધિકારી

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

બિડાણઃ **પરિશિષ્ટ–(૧) થી (૩)**

**પ્રતિઃ–**

(૧) માન.મંત્રીશ્રી(કૃષિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રી(કૃષિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) અગ્રસચિવશ્રી(કૃષિ)ના રહસ્ય સચિવશ્રી, કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,સચિવાલય, ગાંધીનગર.

(૪) સચિવશ્રી (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૫) નાણા સલાહકારશ્રી (કૃષિ), સચિવાલય, ગાંધીનગર

(૬) ખેતી નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર. (જિલ્લા કક્ષાએ નકલો મોકલી આપવાની વિનંતી સહ)

(૭) બાગાયત નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર

(૮) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ.

(૯) ઉપ મહાલેખાકારશ્રી (ઇએસ–૧) એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ (ઇ એન્ડ આરએસઓડીટ) ગુજરાત, ત્રીજો માળ, ઓડીટ ભવન, અમદાવાદ

(૧૦) સંયુક્ત ખેતી નિયામકશ્રી (વિસ્તરણ)અમદાવાદ/ રાજકોટ /જુનાગઢ /વડોદરા /સુરત /મહેસાણા (ખેતી નિયામકશ્રી, ગુ.રા.મારફત)

(૧૧) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજય, બીજ નિગમ લી. ગાંધીનગર. (ખેતી નિયામકશ્રી, ગુ.રા. મારફત)

(૧૨) તમામ સંયુકત ખેતી નિયામકશ્રી (વિસ્તરણ), (ખેતી નિયામકશ્રી, ગુ.રા. મારફત)

(૧૩) તમામ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, (ખેતી નિયામકશ્રી, ગુ.રા. મારફત)

(૧૪) તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ, (ખેતી નિયામકશ્રી, ગુ.રા. મારફત)

(૧૫) સેકશન અધિકારીશ્રી, ક–૬, ક–૭, બ–૧, નાણા શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૬) સેકશન અધિકારી, આઈ.ટી શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલાય, ગાંધીનગરને ઓનલાઈન અપલોડ કરવા સારૂ.

(૧૭) સિલેકટ ફાઈલ - ૨૦૨૬.

# પરિશિષ્ટ-૧

**એજીઆર-૫૦, ખેતીના ભારે સાધનોની ખરીદી માટે ખેડૂતોને નાણાકીય સહાય આપવાની યોજના માટેની સામાન્ય શરતો અને બોલીઓ:**

(૧) આ યોજનાનો અમલ રાજયના અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ/સામાન્ય વસતિ ધરાવતા તમામ જિલ્લાઓમાં કરવાનો રહેશે.

(૨) આ યોજનાનાં નિયંત્રણ અધિકારી ખેતી નિયામક,ગાંધીનગર રહેશે.

(૩) આ યોજનાના તમામ ઘટકો માટે જિલ્લા ખેતીવાડી અધિકારી અમલીકરણ અધિકારી રહેશે.

(૪) ચાલુ નાણાકીય વર્ષમાં આ યોજના હેઠળના **પરિશિષ્ટ-૨**ના કોલમ-૫ માં દર્શાવેલ સમયમર્યાદાને ધ્યાને લઈ ખાતાદીઠ એક ટ્રેકટર ઘટકનો લાભ આપી શકાશે અને આ ખાતામાં એકથી વધુ ખેડુતોનો સમાવેશ થતો હોય તો આ તમામ પૈકી કોઈ એક જ ખેડુતને સહાય મળશે. ખેડુત ખાતેદાર એક કરતા વધુ ખાતા ધરાવતા હોય અથવા ખાતામાં નામ ધરાવતો હોય તે કિસ્સામાં તે ખેડુત દ્વારા કોઈ એક જ ખાતા પર જ સહાય મળવાપાત્ર રહેશે.

(૫) **પરિશિષ્ટ-૨** ના કોલમ-૫ માં જણાવ્યાનુસાર ટ્રેક્ટર ઘટક માટે તાલુકા અમલીકરણ અધિકારીએ ગામ વાઈઝ ઘટકનું નામ, લાભાર્થીનુ નામ, ખાતા નંબર, સહાયની રકમ, લાભ આપ્યાનું વર્ષ વગેરે વિગતો ધરાવતું રજિસ્ટર નિભાવવાનું રહેશે.

(૬) આ યોજના હેઠળના ઘટકો માટે સહાયના ધોરણો આ સાથેના **પરિશિષ્ટ-૨** મુજબ રહેશે.

(૭) લાભાર્થીના બેંક એકાઉન્ટમાં બારોબાર સહાયની રકમ જમા થાય તેવા ઘટકો માટેના અમલ માટેની કાર્યપદ્ધતિ આ સાથેના **પરિશિષ્ટ-૩** મુજબ રહેશે.

(૮) આ યોજના ખેતી નિયામકશ્રીના અંકુશ હેઠળ રહેશે. આ યોજનાના અમલીકરણની બાબતમાં કોઈ મુદ્દો ઉપસ્થિત થાય તો તેમનો સંપર્ક સાધવાનો રહેશે.

(૯) આ યોજના અંતર્ગત ખેતી નિયામકશ્રીએ ભારત સરકારશ્રીની PFMS ગાઈડલાઈન મુજબ ચૂકવણું કરવાનું રહેશે તેમજ યોજનાનું SNA એકાઉન્ટ ખેતી નિયામક નાં નામે PSU/Commercial Schedule Bank માં ખોલાવવાનું રહેશે અને ચૂકવણા માટે સંયુક્ત ખેતી નિયામક(વિ.) ના નામે ઝીરો બેલેન્સવાળા ચાઈલ્ડ એકાઉન્ટ ખોલાવવાના રહેશે. નવા જિલ્લાઓના ગઠન મુજબની જિલ્લા પંચાયતો કાર્યરત ન થાય ત્યાં સુધી જુના જિલ્લા મુજબ ગ્રાન્ટ ફાળવણી/કામગીરી કરવાની રહેશે.

(૧૦) સંબંધિત સંયુક્ત ખેતી નિયામક (વિસ્તરણ)/નોડલ એજન્સીએ ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્રો (યુટીસી) નિયત નમુનામાં ખેતી નિયામક, ગાંધીનગરને સમયસર મોકલવાના રહેશે તેમજ સબસિડી

સહીત થનાર ખર્ચના વિગતવાર હિસાબો તથા ઓડિટને લગતી કામગીરી સંબંધિત જિલ્લાના જિલ્લા ખેતીવાડી અધિકારીએ કરવાની રહેશે.

(૧૧) **પરિશિષ્ટ–૩** મુજબની કાર્યપધ્ધતિ માટે સંબંધિત સંયુક્ત ખેતી નિયામક (વિસ્તરણ)/નોડલ એજન્સીએ સહાયની રકમ ECS(Electronic Clearance Service)/RTGS (Real Time Gross Settlement)/PFMS થી લાભાર્થી/સંસ્થાના ખાતામાં જમા કરવાની રહેશે.

(૧૨) લાભાર્થીને ટ્રેક્ટર ખરીદીની કાર્યવાહી માટે પૂર્વમંજૂરી ૬૦ દિવસ માટે આપવાની રહેશે અને સદર સમયમર્યાદામાં ખરીદી કરીને જે તે કચેરીને ખરીદીના આધાર પુરાવા સાથે સાધનિક કાગળો રજુ કરવાના રહેશે. સાધન ખરીદી કરીને તે અંગેનુ ખરીદીનુ બીલ, સાધન સાથે લાભાર્થીનો ફોટો લાભાર્થીએ આઈ-ખેડુત પોર્ટલ પર અપલોડ કરવાનો રહેશે. જો સમયમર્યાદામાં સાધનીક કાગળો રજુ કરેલ ન હોય, અરજી રદ કરવાની રહેશે અને ઓનલાઈન સ્ટેટસ અપડેટ કરવાનું રહેશે અને તેના સ્થાને અગ્રતા ક્રમે આવતી અરજીને પૂર્વમંજૂરી આપવાની રહેશે.

(૧૩) લાભાર્થી દ્વારા પુર્વમંજુરી આપેલ કિસ્સામાં ટ્રેક્ટરની ખરીદી અરજી કર્યા તારીખ પછીની તારીખે ખરીદી કરેલ હોય તો પણ તે જ નાણાકીય વર્ષ માટે સહાયને પાત્ર રહેશે. **લાભાર્થીએ ભારત સરકારશ્રી દ્વારા પ્રસિધ્ધ યાદીમાં સમાવિષ્ટ પૈકીના માન્ય મોડેલ અને આઈ–ખેડુત પોર્ટલ પર પ્રદર્શિત મોડલની જ ખરીદી કરવાની રહેશે.**

(૧૪) ટ્રેક્ટર મોડેલની ખરાઇ બાબતે ભારત સરકાર દ્વારા માન્ય કરેલ ટેસ્ટિંગ સંસ્થાઓ દ્વારા ટેસ્ટિંગ થયેલ અને i-khedut પોર્ટલ પર પ્રદર્શિત/રજીસ્ટર થયેલ કંપનીના માન્ય મોડેલ હોય તે જ સહાયને પાત્ર રહેશે.

(૧૫) આ યોજનાના અમલીકરણ માટે આઇ–ખેડૂત પોર્ટલ પર અરજીપત્રક અને તેને આનુષંગિક પત્રકો ખેતી નિયામકશ્રીએ નિયત કરવાના રહેશે તેમજ નાણાકીય વર્ષની સમય મર્યાદામાં યોજના હેઠળના લક્ષ્યાંકો સિધ્ધ કરવા માટે આઇ ખેડૂત પોર્ટલ સંબંધિત તમામ કામગીરી માટે ખેતી નિયામકશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

(૧૬) આઇ–ખેડૂત પોર્ટલ પર સમયાંતરે જરૂરીયાત અનુસાર કરવામાં આવતા ફેરફારો કે માર્ગદર્શક સૂચનાઓ આ ઘટકના અમલીકરણ માટે પણ લાગુ રહેશે.

(૧૭) ખેડૂતોને સબસીડી માટે આપવાના થતાં સાધનમાં ભારત સરકારશ્રીના માન્ય ટેસ્ટીંગ સેન્ટરમાં ટેસ્ટીંગ થયેલ ખેત ઓજાર/સાધન મુજબનું જ ખેડૂતને મળે તે મેન્યુફેક્ચરર/ડીલર એ જોવાનું રહેશે અને ખરીદી કરનાર ખેડૂતોને સબસીડી માન્ય ખેત ઓજાર/સાધન બાબતે ખેડુતો દ્વારા માંગણી કર્યે જરૂરી વિગતો જેવી કે ટેસ્ટ રીપોર્ટ આપવાના રહેશે.

(૧૮) સદર યોજનાનું અમલીકરણ i-khedut 2.0 માં જણાવેલ પદ્ધતિ મુજબ કરવાનું રહેશે.



૯

(૧૯) યોજનામાં નાણાંકીય વર્ષ દરમિયાન ટ્રેક્ટરની ખરીદી કરેલ હોય અને પૂર્વ મંજૂરી મળે તેવા ખેડૂતોને પણ લાભ મળવાપાત્ર રહેશે.

## પરિશિષ્ટ-૨

## સહાયના ધોરણો :-

| અ.નં | ઘટકનું નામ | સહાયનું ધોરણ | રિમાર્કસ | ઘટકના પુનઃ લાભ મેળવવાની ઓછામાં ઓછી સમય મર્યાદા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ટ્રેક્ટર | ૨૦ પી.ટી.ઓ હોર્સ પાવરથી વધુ અને ૬૦ પી.ટી.ઓ હોર્સ પાવર સુધીના મોડેલ માટે ખર્ચના **૨૫%** અથવા **રૂ.૧,૦૦,૦૦૦/-** ની મર્યાદામાં બે માંથી જે ઓછુ હોય તે સરકાર માન્ય મોડેલ.(ખાતા દીઠ વધુમાં વધુ એક માટે) | ભારત સરકારશ્રીના FMTTI સેન્ટર દ્વારા ટેસ્ટીંગ કરેલ પ્રસિધ્ધ કરેલ યાદીમાં સમાવિષ્ટ પૈકીના અને આઈ-ખેડુત પોર્ટલ પર પ્રદર્શિત માન્ય મોડેલ. | ૧૦ વર્ષમાં એક વખત |

## પરિશિષ્ટ-૩

## એજીઆર-૫૦, ખેતીના ભારે સાધનોની ખરીદી માટે ખેડૂતોને નાણાકીય સહાય આપવાની યોજનાની અમલીકરણ પધ્ધતિ

**(અ) વ્યકિતગત લાભાર્થીલક્ષી અને લાભાર્થીના બેંક એકાઉન્ટમાં બારોબાર સહાય ચુકવવાના ઘટકો અને અમલીકરણ માટેની કાર્યપધ્ધતિ: આ કાર્યપધ્ધતિ હેઠળ આવરી લેવાયેલ ઘટકો:-**

**ટ્રેકટર:** ૨૦ પી.ટી.ઓ હોર્સ પાવરથી વધુ અને ૬૦ પી.ટી.ઓ હોર્સપાવર સુધીના મોડેલ.

**(૧) અરજીઓ મેળવવાની પધ્ધતિ**

i-khedut 2.0 પોર્ટલ ઉપર ખેડૂતોએ ઓનલાઇન અરજી કરવાની રહેશે જે ઓટો ઈનવર્ડ થશે, જ્યારે અરજદારે કરેલ ઓનલાઈન અરજી પ્રીન્ટ આઉટ કાઢી પોતાની પાસે રાખવાની રહેશે.

**(૨) અરજીઓની પાત્રતા નક્કી કરવાની કાર્યપદ્ધતિ**

કુલ ઈનવર્ડ થયેલ અરજીઓ પૈકી i-khedut પોર્ટલ પર જણાવેલ પધ્ધતિ મુજબ તાલુકાવાર ઈલેક્ટ્રોનીક ડ્રો કરીને અગ્રતા યાદી તૈયાર કરવાની રહેશે. જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જિલ્લા પંચાયત એ તેઓના તાબાના અધિકૃત કરેલ ગ્રામસેવક/વિસ્તરણ અધિકારી(ખેતી)/તાલુકા અમલીકરણ અધિકારીશ્રી/પેટા વિભાગીય અધિકારીશ્રી પાસેથી સમાન હેતુવાળા ઘટક માટે આ યોજના તથા સરકારશ્રીની અન્ય કોઈ યોજનામાંથી અગાઉ નિયત કરેલ સહાય મેળવેલ નથી તેની ચકાસણી કરી ફાળવેલ લક્ષ્યાંકની મર્યાદામાં અરજીની પાત્રતા/બિનપાત્રતા નિર્ધારીત કરવાની રહેશે અને તદ્દનુસાર i-khedut પોર્ટલમાં યોજના હેઠળની અરજીઓનું સ્ટેટસ અપડેટ કરવાનું રહેશે.

**(૩) અરજીઓની મંજૂરી અંગેની કાર્યપધ્ધતિ**

ડ્રો માં પસંદ થયેલ અરજીઓ પૈકી અગ્રતા ક્રમાંકના લાભાર્થીને લક્ષ્યાંકની મર્યાદામાં સંબંધિત અધિકારીએ પૂર્વ મંજૂરી આપવાની રહેશે. યોજના હેઠળના ઘટક માટે મંજૂર કરાયેલ અરજીઓની સંબંધિત અરજદારોને તેઓના સરનામે લેખિતમાં/SMS થી જાણ કરવાની રહેશે.

**(૪) મંજૂર થયેલ કેસોની સંબંધિત અરજદારોને જાણકારી આપવા અને ઇનપુટ સાધન સામગ્રીની ચકાસણી કરવા બાબત**

ભારત સરકારશ્રીના FMTTI સેન્ટર દ્વારા ટેસ્ટીંગ કરેલ પ્રસિધ્ધ કરેલ યાદીમાં સમાવિષ્ટ અને આઈ-ખેડુત પોર્ટલ પર પ્રદર્શિત પૈકીના માન્ય મોડેલ લાભાર્થીએ તેઓની પસંદગી અનુસાર ઘટકના મોડલની ખરીદી કરી તે અંગેના જરૂરી આધાર પુરાવા કચેરીના અધિકૃત અધિકારી/કર્મચારી સમક્ષ ચકાસણી/ખાતરી અર્થે નિયત સમયમર્યાદામાં રજુ કરવાના રહેશે. આ માટે કચેરીના જવાબદાર અધિકારીએ ચકાસણી/ખાતરીની કાર્યવાહી હાથ ધરશે. ત્યારબાદ દિન-૨ માં જવાબદાર અધિકારીએ i-khedut પોર્ટલ ઉપર પોતાના લોગઇન એકાઉન્ટમાં યોજનાના લાભાર્થીના સ્ટેટ્સ અપડેટ કરવાનું રહેશે.

**(૫) ઘટક ખરીદી માટે સહાયની ચુકવણીની કાર્યપધ્ધતિ**

યોજના હેઠળના ઘટક દીઠ મંજૂર થયેલા તેમજ નિયમોનુસાર ટ્રેક્ટરની ખરીદી બાદ સંબંધિત અરજદારની અરજી પત્રકના ભાગ–૫ માં મંજૂરી આપી સક્ષમ અધિકારી એ i-khedut પોર્ટલ ઉપર પોતાના login એકાઉન્ટમાં યોજનાના લાભાર્થીના સ્ટેટ્સ અપડેટની એન્ટ્રી કરવાની રહેશે. સહાય ચુકવવાની પાત્રતા ધરાવતા કેસોની યાદી i-khedut પોર્ટલ થકી પ્રિન્ટ આઉટ મેળવી અધિકૃત અધિકારીએ સહી/સિકકા કરી જયાં લાગુ પડતા હોય ત્યાં જિલ્લા કક્ષાના અધિકારી મારફતે સંબંધિત જિલ્લા/તાલુકા પંચાયત/નોડલ એજન્સીને મોકલવાનો રહેશે કે જેથી અરજદારના બેંક એકાઉન્ટમાં સહાયની રકમ ECS (Electronic Clearance Service)/RTGS(Real Time Gross Settlement)/ PFMS થી લાભાર્થીના ખાતામાં ચુકવણી કરી શકે.

★★★